**ભાસ્કર એક્સક્લુઝિવ** પર્ફોર્મિંગ આર્ટ્સનાં ડૉ.અમી પંડ્યાની નૃત્યની ચિહ્નોની ભાષા

# સ્ટેટેસ્ટિક્સના ગ્રાફથી ભરતનાટ્યમ સમજાય તેવી નવી ભાષા વિકસાવી

## ગ્રાફિકલ ભાષા તમામ શાસ્ત્રીય-લોક નૃત્યો, ઝૂમ્બા, એરોબેટિક સહિતના ડાન્સમાં ઉપયોગી

નેહલ વ્યાસ | વડોદરા

એમ.એસ. યુનિવર્સિટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના નૃત્ય વિભાગનાં અધ્યાપિકાએ 6 વર્ષની મહેનતે ડાન્સને ભાષા આપી છે. ભારતમાં પહેલી વખત આ પ્રકારની ભાષા તૈયાર કરવામાં આવી છે. સ્ટેટિક્સના ગ્રાફના માધ્યમથી પણ ભાષા સમજી શકાશે.

મ.સ. યુનિવર્સિટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના ડાન્સ વિભાગનાં આસિ. પ્રોફેસર ડૉ.અમી પંડ્યાએ તેમનાં રિસર્ચ ગાઇડ પ્રો.ડૉ.પારૂલ શાહના માર્ગદર્શનમાં ડાન્સની ભાષા પર કામ શરૂ કર્યું હતું. પ્રાધ્યાપિકા ડૉ.અમી પંડ્યાએ જણાવ્યું હતું કે, 15મી સદીમાં પશ્ચિમી દેશોમાં ડાન્સના આંગિક પાસા માટે નોટેશનની શરૂઆત થઇ હતી. વર્ષ 1928માં રૂડોલ્ફ વાન લાબાને નોટેશનની સિસ્ટમ બનાવી હતી. જેમાં ડાન્સની ભાષા ગ્રાફિક્સમાં તૈયાર કરી છે. લાબાનની થીયરી સમજવા મેં દોઢ વર્ષનો સમય લીધો હતો. તેના પરથી ભરતનાટ્યમની ભાષા બનાવવાની શરૂઆત કરી હતી. લાબાનમાં જે ચિહ્નો હતાં. તેનો ઉપયોગ ભારતીય નૃત્ય કળામાં કેવી રીતે કરી શકાય તેના પર કામ કરતાં 6 વર્ષે 403 પાનાંનું પુસ્તક તૈયાર થયું હતું. જેના માધ્યમથી હવે માથાથી પગ સુધી આખા શરીરની મુવમેન્ટને સિમ્બોલ થકી સમજી શકાશે. આ ભાષા પ્રતીક પર આધારીત છે. જેનાથી ભરતનાટ્યમ સિવાય તમામ શાસ્ત્રીય નૃત્યો, લોક નૃત્યો, એરોબેટિક, ઝૂમ્બા સહિતના ડાન્સની મુવમેન્ટ સમજી શકાશે.

403 પાનાંના પુસ્તકને એક શબ્દકોશ સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ પ્રતીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં ભારતના પ્રાચીનકાળનાં નૃત્યનો પણ ઉલ્લેખ શરૂઆતમાં જ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં ભારતના ઇતિહાસને પણ આવરી લેવામાં આવ્યો છે.

સ્ટેટિક્સમાં પણ ગ્રાફ સ્વરૂપે ડાન્સનાં વિવિધ પ્રતીકને આવરી લેવામાં આવ્યાં છે. પશ્ચિમના દેશોમાં પહેલેથી જ ડાન્સના વિવિધ ફોમ માટે પ્રતીકનો ઉપયોગ લાબાન નોટેશનમાં કરવામાં આવ્યો છે. પરંતુ ભારતીય ડાન્સ માટે અત્યાર સુધી આ પ્રકારે કોઇ પણ પ્રતીકના માધ્યમથી ડાન્સને વિસ્તાર પૂર્વક સમજાવવામાં આવ્યો નથી.

### ફાઇન આર્ટ્સનાં નિવૃત્ત શિક્ષક પિતા-સસરાએ મદદ કરી



ડૉ.અમી પંડ્યા

અધ્યાપિકા અમી પંડ્યાએ કહ્યું કે, મારા સસરા અને પિતા બંને ફાઇન આર્ટ્સના નિવૃત્ત અધ્યાપક હતા. તેમના અવસાન પહેલાં આ ભાષા તૈયાર કરવામાં તેમની મદદ મળી હતી. સસરા સ્વ.રમેશ પંડ્યા તથા પિતા વિનોદ શાહે ડાન્સના પ્રતીક તૈયાર કરવામાં મદદ કરી હતી. પર્ફોર્મિંગ આર્ટ અને ફાઇન આર્ટ્સના સુભગ સમન્વયથી ભાષા તૈયાર થઇ શકી છે.

### આંખો, હસ્તની મુદ્રા પ્રતીકમાં દર્શાવવી મુશ્કેલ હતું





ભરતનાટ્યમમાં જે પ્રતીક અપાયાં છે તે સરળ રીતે મુદ્રાઓ બતાવે છે. પરંતુ આંખોની મુદ્રાઓ કે ભાવ, ડોકનું હલન-ચલન, હસ્ત મુદ્રાઓને પ્રતીક સ્વરૂપે બતાવવામાં આવ્યા નથી. જેને આ ભાષામાં પ્રતીક સ્વરૂપે દર્શાવી છે. હાથ-પગની મુદ્રામાં ચોક્કસ કઇ ડિગ્રી પર હોય તે બતાવવામાં આવ્યું છે.